આકાશવાણી, અમદાવાદ

23-06-2026 Midday: 2.30 to 2.35 pm

Tuesday Regional News

## CM PRAVESHOTSAV

સૌ ભણે, સૌ આગળ વધેની નેમ સાથે આજથી રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. મહેસાણાના વડનગરની બી.એન.હાઈસ્કુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 390 જેટલા બાળકોનું નામાંકન કરાવ્યું. આ પ્રસંગે તેમણે બાળકોના 100 ટકા નામાંકનથી શિક્ષણ સેવા યજ્ઞને વધુ વેગવાન બનાવવા આહવાન કર્યું. તેમણે કહ્યું, દરેક બાળક શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સરકાર પ્રતિબદ્ધતાની સાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી છે.

કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ કલા અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું. મુખ્યમંત્રી એ શાળા વ્યવસ્થાપન સમિતિ અને સંચાલક મંડળના સભ્યો સાથે પણ બેઠક યોજીને શૈક્ષણિક ગુણવત્તા બાબતે પરામર્શ કર્યો હતો.

## PRAVESHOTSAV DISTRICTS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, શાળાના પ્રથમ દિવસે બાળકોના ચહેરા પર જોવા મળતી ખુશી અને ઉત્સાહ એ જ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સાચી સિદ્ધિ છે. ગાંધીનગર જિલ્લાના અડાલજની ૩ સરકારી શાળાઓના કુલ 402 વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવતા તેમણે આ વાત કહી. તેમણે વાલીઓને એસ.એમ.સી.ના માધ્યમથી શાળાના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. કૃષિ મંત્રી જીતુ વાઘાણી ગાંધીનગરની સેક્ટર 24 પ્રાથમિક શાળા ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું બાળક ભણીને આગળ વધે તેના માટે આ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.

## SCHOOL ON WHEELS

રાજ્ય દ્વારા અગરિયા પરિવારોના બાળકો માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી ૨૮ રણશાળાની બસોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું

કે, શાળા પ્રવેશોત્સવ નિમિત્તે મુખ્યમંત્રીશ્રીએ વડનગરથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી છે ત્યારે ગુજરાત એસટી દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા' માટે એસટીની વેસ્ટ બસો માંથી બેસ્ટનો ઉપયોગ થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે કહ્યું કે, આ ૨૮ રણ શાળા બસ આજે ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કરશે. બસમાં ૨૦ થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઇન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે. અગરિયા પરિવારના બાળકોને આ બસમાં ક્લાસ થકી ભણતર આપવામાં આવશે.

## SANGHVI MEET

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો વ્યવસ્થા મજબૂત કરવા પર ભાર મૂક્યો. મોડી રાત્રે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી શ્રી સંઘવીએ પ્રોઆક્ટિવ પોલિસિંગ અને સહકાર પર ચર્ચા કરી. બેઠકમાં અધિકારીઓએ કાયદો વ્યવસ્થાની સ્થિતિનું વિશ્લેષણ કરી આગામી પગલાં નક્કી કર્યા.

## OPERATION MULE HUNT 2.0

ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન મ્યુલ હન્ટના બીજા તબક્કા અંતર્ગત બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે એક આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે જેની શોધખોળ ચાલી રહી છે. આરોપીઓએ ખોટી ઓળખના આધારે વિવિધ બેંકોમાં ખાતાઓ ખોલાવ્યા હતા. સાથે જ અગાઉથી ખરીદેલા મોબાઈલ સિમકાર્ડ આ ખાતાઓ સાથે લિંક કરી સાયબર ઠગાઈથી મેળવેલા નાણાંની હેરફેર કરવામાં આવતી હતી.

આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ગુનાનો ભોગ બનનાર અથવા શંકાસ્પદ ઓનલાઈન પ્રવૃત્તિ અંગે જાણ થતાં જ 1930 હેલ્પલાઇન અથવા નજીકના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો તાત્કાલિક સંપર્ક કરવા જણાવ્યું છે.

VIJ CHORI

ભરૂચમાં વીજ વિભાગે હાથ ધરેલી  વિશેષ ચેકિંગ ડ્રાઈવમાં 25 ગેરરીતિઓ ઝડપીને સંબંધિત ગ્રાહકોને 36 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.  ઝુંબેશ દરમિયાન કુલ 1 હજાર 116 વીજ કનેક્શનની તપાસ કરાઈ હતી.  વીજ વિભાગની 22 ટીમોએ  ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નંદેલાવ, ચાવજ અને હલદરવા સહિતના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન વીજચોરી, ગેરકાયદેસર જોડાણો અને નિયમ વિરુદ્ધ વીજ વપરાશના કિસ્સાઓ સામે આવ્યા હતા, જેના આધારે સંબંધિત ગ્રાહકો સામે કાર્યવાહી કરવામાં આવી છે.